# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આ.કૃ.યુ., દેવાતજ દ્વારા "નફાકારક ડેરી ઉદ્યોગ અને પશુપાલન વ્યવસ્થાપન" અંતર્ગત "પશુઆહારમાં પૂરક તત્વોનું મહત્વ" વિશે કાર્યક્રમ યોજાયો

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આ.કૃ.યુ., દેવાતજ દ્વારા તારીખ ૧૬ થી ૧૮ માર્ચ, ૨૦૨૩ દરમ્યાન "નફાકારક ડેરી ઉદ્યોગ અને પશુપાલન વ્યવસ્થાપન" અંતર્ગત "પશુઆહારમાં પૂરક તત્વોનું મહત્વ" વિશે કાર્યક્રમનું આયોજન માન. કુલપતિશ્રી, ડો. કે. બી. કથીરીયાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવેલ. જેમાં તારાપુર, દેવાતળપદ અને ડાલી ગામના ૪૦ પશુપાલક ભાઈઓ તથા બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધેલ.

કાર્યક્રમના પ્રથમ દિવસે ડૉ. શ્રીકાંત બી. કાટોલે, વૈજ્ઞાનિક (પશુપાલન) એ સદર કાર્યક્રમ યોજવા પાછળનુ મહત્વ સમજાવ્યું હતું. તેમજ વર્ષ ૨૦૨૩ એ "આંતરરાષ્ટ્રિય મીલેટ્સ વર્ષ" તરીકે જાહેર કરેલ છે તેના વિશે ખેડુતોને માહિતગાર કરેલ. તદુપરાંત તેમણે ઉછરતી વાછરડીઓ તેમજ પશુઆહારમાં પુરક તત્વો જેમ કે ચિલેટેડ મિનરલ મિક્સચર, બાયપાસ ફેટ અને પ્રોટીન, પ્રી બાયોટિક, પ્રો બાયોટિક વિગેરે તેમજ સમતોલ આહાર મળી રહે આયોજન વગેરે વિશે વિસ્તૃતમાં ચર્ચા કરી હતી. ડૉ. આર. એમ. પટેલ, વૈજ્ઞાનિક (પાક સંરક્ષણ) દ્વારા પ્રાકૃતિક ખેતી વિશે વિસ્તૃતમાં ચર્ચા કરવામાં આવેલ.

કાર્યક્રમના બીજા દિવસે ડૉ. શ્રીકાંત બી. કાટોલે, વૈજ્ઞાનિક (પશુપાલન) દ્વારા નફાકારક પશુપાલનની મુખ્ય ચાવીઓ અંગેની ચર્ચા કરવામાં આવી હતી તેમજ વાછરડીઓમાં આહાર વ્યવસ્થા તેમજ રસીકરણ વિશે માહિતી આપવામાં આવી હતી. ત્યારબાદ શ્રીમતી એ.એન. જાદવ, પ્રોગ્રામ આસી. (ગૃહ વિજ્ઞાન) દ્વારા હલકાં ધાન્ય (મીલેટ્સ) ના પોષકતત્વો તેમજ તેમાંથી બનતી વિવિધ વાનગીઓ બાબતે માહીતી આપી હતી.

કાર્યક્રમના ત્રીજા દિવસે ડૉ. શ્રીકાંત બી. કાટોલે દ્વારા વાછરડીઓની માવજત કરવા માટેના અગત્યનાં પગલાં જેવા કે ખરાંટુ/ ખીરુ પીવડાવવાનું, બે અઠવાડીયા પછી ભીનું દાણ ખવડાવવાનું, ત્રણ મહિના સુધી માતાનું દૂધ પીવડાવવું, પંદર દિવસ પછી કરમીયાની દવા આપવી વગેરે વિષય અંગે સર્વેને માહિતગાર કરેલ. સમગ્ર પ્રોગ્રામનું આયોજન તેમજ સંચાલન ડૉ. શ્રીકાંત બી. કાટોલે દ્વારા કરવામાં આવેલ હતુ.

# <u>કાર્યક્રમની ઝાંખીઓ</u>




